## લોકસભાની ચૂંટણીમાં સાબરકાંઠા બેઠક માટે ૬૭.૨૪ ટકા વિક્રમી મતદાન

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા લોકસભા બેઠક માટે મંગળવારે અરવલ્લી જિલ્લાની ત્રણ તથા સાબરકાંઠાના ચાર વિધાનસભા બેઠકોમાં થયેલુ મતદાન અંગે એવુ કહી શકાય કે જે મતદાન થયુ છે તે ગરમી અને અન્ય પરીબળોને જોતા તથા અન્ય લોકસભા બેઠકોની સરખામણીમાં ઓછુ નથી. સાબરકાંઠા બેઠક માટે કુલ મતદાન ૬૭.૨૪ ટકા નોંધાયું છે. જે વર્ષ ૨૦૧૪માં થયેલા મતદાનની ટકાવારી કરતા ૦.૧૨ ટકા ઓછુ છે. તેમ છતાં તંત્રની જાગૃતી અને મતદારોના ઉત્સાહને લીધે જે મતદાન થયું છે તે સંતોષકારક ન હોવા છતાં ઓછુ નથી.

સાબરકાંઠા લોકસભા બેઠક માટે બંને જિલ્લાના મળી અંદાજે ૧૭,૯૭,૨૧૧ મતદારો પૈકી ૧૨,૦૮,૩૮૨ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે પરંતુ તેમાં સૌથી વધુ મતદાન ખેડબ્રહ્મા વિધાનસભા વિસ્તારમાં અંદાજે ૭૧.૭૨ ટકા નોંધાયું છે જે ખુબજ સુચક છે. આ વિસ્તારમાં મહીલાઓએ ૬૯.૮૮ ટકા મતદાન કર્યુ છે. જે જિલ્લામાં સૌથી વધુ છે. પુરૂષ મતદારોની વાત કરીએ તો જિલ્લામાં ૬,૪૫,૩૪૮ મતદારોએ મતદાન કર્યું છે.

આ વખતે સાબરકાંઠા અને અરવલ્લીમાં સૌથી ઓછુ મતદાન થયું હોય તો તે ભિલોડા વિધાનસભા બેઠકમાં ૬૩.૫૪ ટકા નોંધાયું છે. અન્ય મતદારોની વાત કરીએ તો સાબરકાંઠા બેઠક પર કુલ ૫૩ જ્ઞાતિના મતદારો નોંધાયા હતા. તે પૈકી ૧૪ અન્ય મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હોવાનું આધારભુત સુત્રોમાંથી જણાવ્યું છે.

વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯માં થયેલ મતદાનની ટકાવારી

| વિધાનસભા બેઠકનું નામ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૯ |
|---|---|---|
| હિંમતનગર | ૭૧.૮૭ | ૬૯.૬૧ |
| ઈડર | ૬૯.૭૩ | ૬૯.૫૬ |
| ખેડબ્રહ્મા | ૭૦.૩૫ | ૭૧.૭૨ |
| પ્રાંતિજ | ૬૬.૮૭ | ૬૬.૪૬ |
| ભિલોડા | ૬૩.૭૨ | ૬૩.૫૪ |
| મોડાસા | ૬૪.૫૯ | ૬૫.૯૧ |
| બાયડ | ૬૪.૭૪ | ૬૪.૦૦ |

## પાલનપુરના યુવા પત્રકાર વિજય જોષીનું આકસ્મિક દુઃખદ અવસાન

પાલનપુરના યુવાન પત્રકાર અને નગરપાલિકાના પૂર્વ ભાજપ સદસ્ય વિજય કુમાર સુરેશભાઈ



જોશીનું ગત રાત્રે હૃદય રોગના ભારે હુમલાથી દુઃખદ અવસાન થતાં તેમના પરિવારજનો, મિત્ર વર્તુળ, ભાજપના કાર્યકર્તાઓ તેમજ પત્રકાર આલમ માં ઘેરાશોકની લાગણી પ્રસરી જવા પામી હતી. સદગત વિજય જોશી પાલનપુર માં કાર્યરત પત્રકારોના સંગઠન ફિલ્ડ રિપોર્ટર ના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સંભાળતા હતા.

સદગતની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં સ્નેહીજનો, મિત્રો, પત્રકારો તેમજ શહેરીજનો જોડાઈ સદગતના આત્માને શાંતિ માટે ભગવાનને પ્રાર્થના કરી હતી.તેમના પરિવાર પર અચાનક આવી પડેલ આપતીને સહન કરવાની ઈશ્વર શકતી અર્પે તેમના નિવાસસ્થાન માનસરોવર રોડ ભાગ્યોદય સોસાયટી પાલનપુર માં તેમના નિવાસ સ્થાને આઘાતની લાગણી પ્રસરી ગઈ હતી. વિજયભાઈ જોષી ભાજપના અદના કાર્યકર તરીકે ૨૩ તારીખે યોજાયેલી લોકસભા ચૂંટણી મતદાનમાં ભાજપ પક્ષ માટે નાદુરસ્ત તબિયત હોવા છતાં આખો દિવસ અથાગ મહેનત કરી લોકોને મતદાન કરાવ્યું હતુ. વિજય ભાઈ જોષી તેમના પરિવાર માં પત્ની પિતા સહિત બે નાની વયના પુત્રોને વિલાપ કરતા મૂકી ગયા છે.

### વડગામના છાપીમાં વીજ કરંટથી યુવકનું મોત

વડગામ તાલુકાના છાપી ગામે આવેલા એક લોખંડના કારખાના માં કામ કરતાં શ્રમીક યુવકને વીજ કરંટ લાગતાં તેનું મોત નિપજ્યું હતુ. જોકે, આ અંગે પોલીસ મથકે કોઈ ફરિયાદ નોંધાવા પામી ન હતી. વડગામ તાલુકાના છાપીમાં બનેલી કરુણ ઘટનાની વિગતો એવી છે કે, છાપી ખાતે કાર્યરત એક ફેબીકેશનમાં મુળ ઉત્તર પ્રદેશના પાંડવા ગામનો મુદતસર મુજફર પઠાણ (ઉ.વ. ૨૭) બુધવારે લોખંડનું કામ કરી રહ્યો હતો. તે દરમિયાન અચાનક વિજ કરંટ લાગ્યો હતો. અને આ શ્રમીક નું કરુણ મોત નિપજ્યું હતુ.

# અરવલ્લીમાં ૮ હજાર પ્રાથમિક શિક્ષકોના પગાર અટવાયા

મોડાસા, તા. ૨૪

ગુજરાત રાજ્ય સરકાર પ્રવેશોત્સવના તાયફા કરી દેખાડો કરી રહી છે, બીજી તરફ અરવલ્લી જીલ્લામાં સમયસર પગાર ન થતા શિક્ષકોની હાલત દયનિય બની છે. અગાઉના મહિનાના પગારમાંથી ઈન્કમટેક્ષ કપાતા નામ માત્ર પગારરૂપી રૂપિયા હાથમાં આવતા શિક્ષકોની અનિયમિત રીતે થતા પગારથી હાલત કફોડી બની છે. લોકસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગઈ તેમ છતાં પગાર ન થતા પગાર થવાની આશાઓ પર પાણી ફરી વળતા શિક્ષકોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે. અરવલ્લી જીલ્લામાં અંદાજે ૮ હજાર પ્રાથમિક શિક્ષકોનો પગાર અનિયમિત થતા કારમી મોંઘવારીમાં ગુજરાન ચલાવવું અઘરું પડે છે. દર માસે પગાર મળવાની કાગડોળે રાહ જોઈ રહેવી પડતી હોઈ અને અનિયમિત થતા પગારથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

માર્ચ-૨૦૧૯ મહિનાનો પગાર ૨૦ એપ્રિલ સુધી પગાર ન થતા શિક્ષકોનું બજેટ ખોરવાયું છે. જીલ્લામાં પ્રાથમિક શિક્ષકોનો પગાર છેલ્લા ૪ વર્ષથી વધુના સમયથી વહીવટીતંત્ર દ્વારા નિયમિત અને ચોક્કસ તારીખ અને સમય મર્યાદામાં કરવામાં નિષ્ફળ રહ્યું હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

ગત માસે થયેલા પગારમાંથી



ઈન્કમટેક્ષ કપાત થતા થોડી ગણી રકમ હાથમાં આવતા અને ચાલુ મહિનાનો પગાર અટવાતા પ્રાથમિક શિક્ષકો માનસિક તાણ અનુભવી રહ્યા છે. વધુમાં કાર-લોન, હોમ-લોન અને અન્ય લોનના હપ્તા સમય મર્યાદામાં ભરી ન શકતા પેનલ્ટી ભરવાનો વારો આવ્યો છે. હાલ ઘઉં અને મરી-મસાલા ભરવાની સીઝન અને લગ્નસરાની મોસમ ચાલી રહી છે અને પૈસાની તાતી જરૂરિયાત હોય તેવા સમયે પગાર અટવાતા રાજ્ય સરકાર અને જવાબદાર તંત્ર દ્વારા શિક્ષકોનો પગાર તાત્કાલિક ધોરણે કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

રાજ્ય શિક્ષણ વિભાગ પ્રવેશોત્સવના પાછળ લાખ્ખો રૂપિયાનો ખર્ચો કરી રહી છે. બાળકને ભણાવી તેમના ભાવિનું ઘડતર કરનાર પ્રાથમિક શિક્ષકોને જ હાલની કારમી મોંઘવારીમાં પોતાના પરિવારનું ગુજરાન ચલાવવામાં હમણાં હમણાંથી ગણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. મહિનો પુરો થાય એટલે ક્યારે પગાર મળશે તેની ચાતક નજરે રાહ જોઈ બેસી રહેવું પડે છે ત્યારે આ સ્થિતિમાં પોતાના ઘરમાં રાશન પાણી કે બાળકોના અભ્યાસ માટે પુસ્તકો, શાળા-કોલેજની ફી અને અન્ય કામો માટે હાથ ઉછીના કે વ્યાજે નાણાં મેળવી કામકાજ કાઢવા પડે છે. એપ્રિલ મહિનાને પૂર્ણ થવાને આડે ૬ દિવસનો દિવસ બાકી છે ત્યારે માર્ચ મહિનાનો પગાર ન થતા શિક્ષકોના ખાતામાં પગાર જમા ન થતા શિક્ષકો જીવનિર્વાહ ચલાવવા રીતસરના ફાંફે ચઢ્યા છે.

### સાબરકાંઠા જિલ્લામાં ઉજવાયું મતદાનનું મહાપર્વ

## ખેડબ્રહ્મા વિધાનસભાની બેઠક પર ૭૧.૭૨% મતદાન સૌથી વધુ થયુ

### સંસદીય મતદાર વિભાગમાં સરેરાશ ૬૭.૨૪ ટકા મતદાન

### ખેડબ્રહ્માની મહિલા મતદારો ૬૯.૮૮ ટકા સાથે મતદાનમાં અગ્રેસર

ખેડબ્રહ્મામાં વિધાનસભા બેઠક પર સૌથી વધુ ૭૧.૭૨ ટકા



મતદાન જયારે સૌથી ઓછુ ભિલોડા વિધાનસભા બેઠકમાં ૬૩.૫૪ ટકા મતદાન નોંધાયું.

લોકશાહીના મહાપર્વમાં સાબરકાંઠાવાસીઓ ઉત્સાહભેર જોડાઈને સમગ્ર સંસદીય મતદાર વિભાગમાં ૬૭.૨૪ ટકા મતદાન કર્યુ હતું.

મતદારોએ અસહ્ય ગરમીની ચિંતા કર્યા વગર આ લોકસભાની ચુંટણીમાં વિક્રમીજનક મતદાન કર્યું હતું જો વિધાનસભાની સાતેય બેઠક પર વાત કરીએ તો ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક પર ૭૧.૭૨ ટકા સૌથી વધુ મતદાન થયુ હતું જયારે સૌથી ઓછુ મતદાન ભિલોડામા ૬૩.૫૪ ટકા મતદાન નોંધાયું હતું.

મહિલા—પુરૂષ મતદારોની વાત કરવામાં આવે તો ખેડબ્રહ્માના પુરૂષ મતદાતાઓએ ૭૩.૪૬ ટકા મતદાન કર્યુ હતુ તો વળી ખેડબ્રહ્માની મહિલા મતદારો અગ્રેસર રહિ ૬૯.૮૮ ટકા મતદાન કર્યુ હતું.

જયારે અન્ય મતદારોની વાત કરીએ તો સાબરકાંઠા બેઠક પર કુલ ૫૩ અન્ય જાતિના મતદારો નોંધાયા હતા. જે પૈકી ૧૪ અન્ય મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.



### ડીસા રેલવે સ્ટેશન રોડ ઉપરનો ખાડો જોખમી

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકામથક ડીસામાં ગટર લાઈન કે પાઈપલાઈન ના બહાને કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલા રોડ ખોદી નાખવામાં આવે છે તેથી આમપ્રજાની હાલાકી વધતા નગરપાલિકાનો વહીવટ ચર્ચાના ચગડોળે ચડે છે તેમછતાં ખાડા પૂરવાની તસ્દી લેવાતી નથી જેના કારણે નાના મોટા માર્ગ અકસ્માતો બને છે જેથી આમ પ્રજાની હાલકીમાં વધારો થાય છે તેમ છતાં પ્રજાની પીપુડી વાગતી નથી જો કે લોકસભાની ચૂંટણીમાં ભાજપના રાષ્ટ્રિય અધ્યક્ષ અમિત શાહના આગમનને પગલર સફાળા જાગેલા તંત્રે રાતોરાત નવા રોડ બનાવી દેતા પ્રજાએ રાહત અનુભવી હતી પરંતુ બાકીના ખખડધજ રોડનું શું ? તે પ્રશ્ન ટોક ઓફ ધી ટાઉન બન્યો છે ત્યારે શહેરના રેલવે સ્ટેશન રોડ ઉપર પેટ્રોલ પમ્પ પાસે છેલ્લા ઘણા સમયથી જીવલેણ ખાડો પડ્યો છે જે ખાડામાં વાહનો ખાબકે છે નાના વાહનોના ચાલકો પટકાય છે તેથી વાહનોને નુકશાન સાથે ચાલકો ઘવાય છે જેને લઈ ગોઝારો અકસ્માત સર્જાવાની દહેશત વર્તાય છે જેને ગમ્ભીરતાથી લઈ રોડ ઉપરનો ખાડો સત્વરે પુરાય તેવો જનમત પ્રવર્તે છે.

## ડીસા માર્કેટયાર્ડ તમાકુની આવકથી ભરાયું : ૨.૫૦ લાખથી વધુ બોરી નોધાઈ

### ૧૨૦૦થી ૧૫૭૧નો ભાવ મળતા દૈનિક ૩૦ હજાર બોરીથી વધુની આવક

ડીસા, તા. ૨૪

ડીસા તેમજ આસપાસના વિસ્તારમાં તમાકુનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થતા ડીસા માર્કેટયાર્ડમાં માટે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી અમૃતભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓ દ્વારા જાહેર હરાજીથી ખેડૂતોના માલનું વેચાણ જેથી એક મણના રૂપિયા ૧૨૦૦ થી ૧૫૭૧નો ભાવ ખેડૂતોને મળી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં ડીસા માર્કેટયાર્ડમાં તમાકુની ૨.૫૦



દૈનિક ૩૦ હજારથી વધુ બોરીની આવક નોધાઈ રહી છે. ત્યારે છેલ્લા પંદર દિવસમાં ડીસા માર્કેટયાર્ડમાં તમાકુની ૨.૫૦ લાખથી વધુ બોરીની આવક નોધાવા પામી છે.

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈની સુચનાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે કરવામાં આવી રહ્યું છે. જેથી ખેડૂતોને પણ અન્ય માર્કેટયાર્ડ કરતા ડીસા ખાતે ઘરઆંગણે પોષણક્ષમ ભાવ મળી રહ્યા છે. જેના લીધે ચાલુ વર્ષે ડીસા માર્કેટયાર્ડમાં અન્ય પાકોની સાથે-સાથે તમાકુની આવકમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ડીસા માર્કેટયાર્ડમાં તમાકુની દૈનિક ૩૦ હજારથી વધુ બોરીની આવક નોધાઈ રહી છે. લાખથી વધુ બોરીની આવક નોંધાવા પામી છે.

આમ અન્ય માર્કેટયાર્ડ કરતા ડીસા માર્કેટયાર્ડમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા અને ઘર આંગણે સુવ્યવસ્થિત બજાર મળતા ખેડૂતોને વાહન ભાડાનો ખર્ચ બચતા આર્થિક ફાયદો થઈ રહ્યો છે તેમ સેક્રેટરી અમૃતભાઈ જોષીએ જણાવ્યું હતું.

## શામળાજી ડિજિટલ ચેકપોસ્ટ પર નકલી સરકારી ટેક્સની પાવતીથી સરકારી તિજોરીનો ચૂનો લગાવનાર ગેંગનો પર્દાફાશ

દેશની સૌપ્રથમ ડીઝીટલ ચેકપોસ્ટ પર વેણપુર નજીક ભોલેનાથ હોટલનો માલિક દિનેશ અને લકઝરી બસનો માલિક અન્ય કેટલાક મળતીયાઓ સાથે મળી સરકારી ટેક્ષની નકલી પાવતી બનાવી ચેકપોસ્ટ પરથી લકઝરી બસ પસાર કરવાના કૌભાંડનો આરટીઓ ચેકપોસ્ટના અધિકારી દેવશીભાઈ આંબલીયાની સતર્કતાથી પર્દાફાશ થતા સમગ્ર મામલે શામળાજી પોલીસ સ્ટેશનમાં ૪ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા શામળાજી પોલીસે નકલી પાવતી કૌભાંડ ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

શામળાજી ચેકપોસ્ટ પર સરકારી ટેક્ષની નકલી પાવતી બનાવી સરકારી તિજોરીને અત્યાર સુધી કેટલા રૂપિયાનું નુકશાન પહોચાડ્યું હશે અને આ કૌભાંડ કેટલા સમયથી ચાલી રહ્યું હતું...? આ નકલી પાવતી કૌભાંડમાં શામળાજી આરટીઓ કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગતથી તો નહિ ચલાવાતું હોય ને...? જેવી અનેક શંકા-કુશંકાઓના ઘેરામાં આવી ગયું છે.





આ કૌભાંડમાં મોટા માથાઓની પણ સંડોવણી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. દરરોજની હજ્જારો લકઝરી શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પરથી પસાર થતી હોવાથી આ કૌભાંડનો આંકડો કરોડો રૂપિયાને આંબે તો નવાઈ નહિ..? સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસ થાય તે ખુબ જરૂરી બન્યું છે.

શામળાજી ચેકપોસ્ટ પર આરટીઓ ઈન્સ્પેક્ટર દેવસીભાઈ આંબલીયા ફરજ પર હતા ત્યારે લકઝરી બસ (ગાડી.નં.આરજે. ૩૦.પીબી.૦૭૧૧) “ઈશ્વર ટ્રાવેલ્સ”ની બસ પસાર થતા તેની પાસે રાજ્યના સરકારી ટેક્ષ ભરેલ પાવતીની ઝેરોક્ષ રજુ કરતા અદિકારીને શંકા જતા પાવતી નકલી હોવાનું માલુમ પડતા તપાસ કરતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થતા લકઝરી બસનો ડ્રાઈવર સુખદેવસીંગ મદનસિંહ રાવત ફરાર થઈ ગયો હતો. રાજેન્દ્રસિંગ મોતિસિંગ રાવત (ક્લીનર) પકડાઈ જતા નકલી પાવતી કૌભાંડ બહાર આવતા આ કૌભાંડમાં લકઝરી બસનો માલિક મીઠુંસિંહ રાજુસિંહ ચૌહાણ અને વેણપુર નજીક આવેલી ભોલેનાથ હોટલનો માલિક દિનેશની સંડોવણી બહાર આવતા ભારે ચકચાર મચી હતી. સમગ્ર કૌભાંડ અંગે શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા શામળાજી પોલીસે ૪ શખ્સો સામે પોતાના આર્થિક લાભ મેળવવા હેતુસર તેમજ સરકારશ્રી સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરવાના ઈરાદાની ફરિયાદ ઈપીકો કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪ અને ૧૨૦બી મુજબ ફરિયાદ નોંધી ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શામળાજી આરટીઓ ચેકપોસ્ટ નજીક આવેલા વેણપુર નજીક ભોલેનાથ નામની હોટલ ધરાવતો દિનેશ નામનો શખ્સ અન્ય મળતીયાઓ સાથે સરકારી ટેક્ષની ઓરિજીનલ જેવી પાવતીઓ બનાવી સરકારી તિજોરીને ચૂનો લગાડવાનું કૌભાંડ ચલાવતો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# મોડાસામાં વગર બીલનાં મોબાઈલ વેચતા વેપારીઓના રહેઠાણ સ્થળો પર પોલીસતંત્રની મોબાઈલ સ્ટ્રાઈક

### જિલ્લા એસ.ઓ.જી, એલસીબી અને પેરોલ ફર્લો સ્કોડનીના ઠેર ઠેર દરોડા : ૪ લાખનો મુદ્દામાલ જપ્ત

મોડાસા, તા. ૨૪

મોડાસા શહેરમાં ચોરીના મોબાઈલનું માર્કેટ તરીકે બસ સ્ટેન્ડ સામે આવેલા કોમ્પલેક્ષોમાં અને શહેરની મધ્યમાં ચાર રસ્તા વિસ્તારમાં પણ પણ ખૂલ્લેઆમ ધમધમી રહ્યું છે. મોડાસા બસ સ્ટેન્ડની આજુબાજુમાં બે નંબરના મોબાઈલના કારોબાર માટે નામચીન છે. મોડાસા નગરમાં બિલાડીના ટોપની માફક ફૂટી નીકળેલી રેકડી જેવી સંખ્યાબંધ દુકાનોમાં ખૂલ્લેઆમ ચોરીના મોબાઈલનો વેપલો ચાલી રહ્યો છે. શહેરના ચોર-ચિટરો ચોરીના મોબાઈલ વેચવા અહીં જ ફરકે છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ પણ મોંઘાદાટ સ્માર્ટફોન આ મોબાઈલ બઝારમાંથી પાણીના મુલ્યે ખરીદી કરતા હોય છે અથવા ગિફ્ટમાં મેળવી ઉપયોગમાં લેતા હોવાની અને ચોરીના મોબાઈલ વેંચતા વેપારીઓને છાવરતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલને ચોરીના અને કાળા બજાર માટે દેશ ભરમાં નામચીન મોડાસા મોબાઈલ માર્કેટની ગંધ મોડે મોડે આવતા મોડાસામાં વગરબીલનાં મોબાઈલ વેંચતા વેપારીઓના રહેઠાણ સ્થળો પર એસ.ઓ.જી.,એલસીબી અને પેરોલ ફર્લો સ્કોડની ટીમને આદેશ આપતા શુક્રવારે રાત્રીના દસ





વાગ્યાના સુમારે મોબાઈલ માર્કેટમાં વગરબીલનાં મોબાઈલ વેંચતા વેપારીઓના રહેઠાણ સ્થળોએ ઠેર ઠેર દરોડા પાડતા મોબાઈલના કાળા બજારીઓમાં નાસભાગ મચી હતી. પોલીસતંત્રની સંયુક્ત ટીમોએ આયશા પાર્કમાં રહેતા અને દાદુ શોપિંગ સેન્ટરમાં “મોબાઈલ કેર” નામની દુકાન ધરાવતા સરફરાઝ અબ્દુલ ખાનજી વેપારીના ઘરે દરોડો પાડી વગરબીલનાં મોબાઈલ-૨૧ અને એલ.ઈ.ડી ટીવી નંગ-૨ તથા લેપટોપ મળી કુલ રૂ.૧૯૮૫૦૦, સિમરન પાર્કમાં રહેતા આરીફભાઈ ઉર્ફે ભાણીયાભાઈ સુલેમાન ટીંટોઈયાના ઘરેથી મોબાઈલ-૭ કીં. રૂ.૩૧૦૦૦ તથા “વોઈસ મોબાઈલ” નામની દુકાન ધરાવતા અને આયેશા ફાર્મ માં રહેતા મોહસીનભાઈ સલીમભાઈ ઈસ્માઈલ દાદુના ઘરે રેડ પાડી મોબાઈલ નંગ-૧૮૩૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે વેપારીઓ મોબાઈલ સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આઈફોન જ નહિ કોઈપણ બ્રાન્ડના બિલ વગરના મોબાઈલ અહીંના દુકાનદારો ૧૫-૨૫ ટકાના ભાવે ખરીદી લે છે અને બાદમાં આ મોબાઈલમાં કરામત કરી ૫૦ ટકા ભાવે વેચી દેવાય છે. બિલ વગરના મોબાઈલ ખરીદનારો પણ ચોક્કસ વર્ગ છે. કેટલાંક ગુનેગારો પણ ગુનાને અંજામ આપતા પહેલાં અહીંથી બિલ વગરના મોબાઈલ ખરીદતા હોવાના કિસ્સા પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા છે. વળી, બસ સ્ટેન્ડ તથા માર્કેટયાર્ડની આસપાસ આવેલી મોબાઈલની દુકાનોમાં પૈકી દસથી પંદર ટકામાં ચોરીના મોબાઈલ લે-વેચના વેપલાની સાથોસાથ મોબાઈલના આઈએમઈઆઈ નંબર બદલી નાંખવાનું રેકેટ પણ ફૂલ્યું ફાલ્યું છે.